આઇકોનિક રોડની મંજૂરી વાઘોડિયા સુધી લંબાવવા માંગ

વાઘોડિયા વડોદરાની સિક્સ લેન માર્ગની માંગ

આઈકોનિક રોડ વાઘોડિયા સુધી લંબાવવા અને મિલકતોના સત્તા પ્રકારના પ્રશ્નોના ઉકેલ માટે રજૂઆત

(પ્રતિનિધિ) વાઘોડિયા, તા.27

વિકસિત વાઘોડીયા નગર અને તાલુકાના સર્વાંગી વિકાસની ચિંતા કરી અગત્યના બે જેટલા મુદ્દાની માંગ સરકારમાં કરી ચર્ચામાં આવ્યા છે. ભાજપના પૂર્વ જિલ્લા પંચાયત સદસ્ય નિલેશભાઈ પુરાણી વાઘોડીયા નગર અને તાલુકો વિકાસથી વંચિત રહી ના જાય તે માટે હાલમાં વુડાએ જે આઈકોનીક રોડની મંજૂરી વડોદરાથી ભક્તિ નગર સુધી આપેલ છે, તે છેક વાઘોડીયા નગર સુધી વધારવા માંગ કરી છે.

સિક્સ લેન્ડ રોડ વચ્ચે પહોળા ડીવાઈડર પર ભવિષ્યમાં મેટ્રોની સંભાવના સાથે બનાવવામાં આવે જેથી નગરની જનતાને મેટ્રોનો લાભ મળી શકે. વાઘોડિયા એ શિક્ષણ તેમજ ઔદ્યોગિક એકમો સાથે જોડાયેલું અને સતત વિકસતું નગર છે. સતત રોડ પર ટ્રાફિકનું ભારણ વધી રહ્યું છે.

બીજું કે વાઘોડીયા નગરમાં ગાયકવાડ શાસનથી સમગ્ર બજાર સહિત ઘણી બધી મિલકતોના સત્તા પ્રકારના પ્રશ્નને લઈને જે માલિકી દકકનાં પ્રશ્ન ઉપસ્થિત થાય છે, તો તેના નિરાકરણ માટે સરકાર શ્રી માં વારંવાર રજુઆતો ના ફળ સ્વરૂપે સરકારમાંથી સૂચન હતું કે સ્થાનિક કક્ષાએથી આ અંગેનો અહેવાલ મોકલવામાં આવે જેથી સ્થાનિક વેપારીઓને તેનો લાભ મળે. અને વાઘોડિયાના બજારને વધુ આધુનિક રીતે વિકસાવી શકાય, આ અંગેનો ઠરાવ નગરપાલિકા કરી પ્રાંત કચેરીમાં મોકલી આપે તેવી લેખિત રજૂઆત કરી હતી. આ અંગે લાગતી વળગતી કચેરીઓમાં લેખિતમાં રજૂઆત કરી હતી.

વાઘોડિયા નગરના બજાર સહિત અનેક મિલકતોમાં ગાયકવાડ શાસનકાળથી સત્તા પ્રકાર અને માલિકી હક્કને લગતા પ્રશ્નો છે. આ પ્રશ્નોના નિરાકરણ માટે નિલેશભાઈ પુરાણીએ સરકારમાં વારંવાર રજૂઆત કરી હતી. સરકાર તરફથી સ્થાનિક કક્ષાએથી અહેવાલ મોકલવા સૂચના મળતા નગરપાલિકા દ્વારા ઠરાવ કરી પ્રાંત કચેરીમાં મોકલવાની માંગ સાથે લેખિત રજૂઆત કરવામાં આવી છે. મિલકતના પ્રશ્નો ઉકેલાય તો સ્થાનિક વેપારીઓને લાભ સાથે વાઘોડિયાના બજારને વધુ આધુનિક રીતે વિકસાવવાનો માર્ગ પણ મોકળો બનશે.

સાધલીમાં બંધ મકાનમાં તસ્કરોનો હાથફેરો

તાળા-નકૂચા તોડી ૩.૪૦ હજાર રોકડ સહિત સોના-ચાંદીના દાગીનાની ચોરી

ઈદે મિલાદની ઉજવણી માટે પરિવાર બહાર ગયો હતો; પરત ફરતાં મકાન વેરવિખેર હાલતમાં મળ્યું

(પ્રતિનિધિ) શિનોર, તા.27

વડોદરા જિલ્લાના શિનોર તાલુકાના સાધલી ગામના એકતા નગર સોસાયટી માં રહેતા ઉસ્માનભાઈ સાબીરખા રાઠોડ ઈદે મિલાદુન નબી નીઉજવણી કરવા માટે માંડવા ગામે ગયા હતા. મકાન બંધ હોવાનો લાભ લઈ તસ્કરોએ મકાનના દરવાજાના તાળા અને નકૂચા તોડી ઘરમાં પ્રવેશ કરી ચોરી કરી પલાયન થયા હતા.

ઈદે મિલાદુન નબી ની ઉજવણી બાદ ઉસ્માનભાઈ સાધલી પોતાના ઘરે પરત ફર્યા ત્યારે મકાનના તાળા અને નકૂચા તૂટેલી હાલતમાં જોવા મળતા ચોંકી ઉઠ્યા હતા. ઘરમાં પ્રવેશ કરી તપાસ કરતા સામાન વેરવિખેર જોવા મળ્યો હતો અને તિજોરી પણ તસ્કરોએ તોડી નાખી હતી. તિજોરીમાંથી આશરે રૂ.૪૦ હજાર રોકડા, સોનાની બુટ્ટી, બે સોનાની વીંટી તેમજ ચાંદીના દાગીના સહિતની ચીજવસ્તુઓ ચોરી થઈ હોવાનું ઘર માલિક દ્વારા જણાવવામાં આવ્યું હતું.સાધલી જેવા વિસ્તારમાં બંધ મકાનમાં તસ્કરો દ્વારા આ રીતે ચોરીની ઘટનાને અંજામ આપવામાં આવતા સ્થાનિકોમાં ભય ફેલાયો છે. ફરી એકવાર તસ્કરો બેફામ બન્યા હોય અને શિનોર પોલીસને ખુલ્લો પડકાર ફેંક્યો હોય આમ લાગી રહ્યું છે.

પોલીસ પેટ્રોલિંગ માં પણ પ્રશ્નો ઊભા થયા છે બનાવની જાણ થતાં શિનોર પોલીસ દ્વારા સ્થળ પર પહોંચી તપાસ હાથ ધરવામાં આવી છે. પોલીસે ચોરીને અંજામ આપનાર તસ્કરોને ઝડપી પાડવા તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

શિનોરમાં નર્મદા નદીમાં માછલી પકડવા ગયેલા આધેડનો મૃતદેહ મળ્યો

(પ્રતિનિધિ) શિનોર, તા. 27

વડોદરા જિલ્લાના શિનોર તાલુકાના બરકાલ ગામના વસાવા સનાભાઈ નામના આધેડ નર્મદા નદીમાં માછલી પકડવા ગયા બાદ ઘરે પરત ન ફરતા પરિવારજનોમાં ચિંતાનો માહોલ સર્જાયો હતો. આધેડનો લાંબા સમય સુધી કોઈ પત્તો ન લાગતા પરિવારજનોએ નર્મદા નદીના કિનારે તેમજ આસપાસના વિસ્તારમાં શોધખોળ હાથ ધરી હતી.

દરમિયાન મૃતકના દીકરાએ નર્મદા નદીના કિનારે તપાસ કરતા માછલી પકડવાની ઝાળ કિનારે પડેલી જોવા મળી હતી. જેથી આધેડ નદીમાં ડૂબ્યા હોવાની આશંકા જતા પરિવારજનોએ નદીમાં તપાસ શરૂ કરી હતી. તપાસ દરમિયાન નદીના પાણીમાંથી વસાવા સનાભાઈનો મૃતદેહ મળી આવ્યો હતો.

મૃતદેહ નદીમાં દેખાતા મૃતકના દીકરાએ સમગ્ર બનાવ અંગે શિનોર પોલીસને જાણ કરી હતી. ઘટનાની જાણ થતાં શિનોર પોલીસની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી અને મૃતદેહને નર્મદા નદીમાંથી બહાર કઢાવી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. પ્રાથમિક માહિતી મુજબ આધેડનું નદીના પાણીમાં ડૂબી જવાથી મોત થયું હોવાનું જાણવા મળ્યું છે. જોકે મોતનું ચોક્કસ કારણ જાણવા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

મંડલ રેલ પ્રબંધક દ્વારા આણંદ અને કરચિયા યાર્ડનું વ્યાપક સુરક્ષા નિરીક્ષણ

(પ્રતિનિધિ) વડોદરા, તા. 27

પશ્ચિમ રેલવેના વડોદરા મંડલના મંડલ રેલ પ્રબંધક શ્રી રાજુ ભડકેએ આજે વરિષ્ઠ મંડલ અધિકારીઓ સાથે આણંદ અને કરચિયા યાર્ડનું વ્યાપક સુરક્ષા નિરીક્ષણ કર્યું હતું. નિરીક્ષણ દરમિયાન તેમણે બંને યાર્ડમાં રેલ પરિચાલનને લગતી વિવિધ સુરક્ષા વ્યવસ્થાઓ અને સંચાલન પ્રક્રિયાઓનો ઊંડાણપૂર્વક અભ્યાસ કર્યો હતો. તેમણે પ્રતાપનગર - કરચિયા - આણંદ - ખંભાત રેલખંડનું વિન્ડો ટ્રેલિંગ નિરીક્ષણ અને ખંભાત સ્ટેશનનું નિરીક્ષણ પણ કર્યું હતું. પશ્ચિમ રેલવેના જનસંપર્ક અધિકારી અનુભવ સક્સેના દ્વારા જણાવ્યા મુજબ, કરચિયા યાર્ડના નિરીક્ષણ દરમિયાન મંડલ રેલ પ્રબંધકે ખાસ કરીને માલગાડીઓના સુરક્ષિત પરિચાલન સંબંધિત પાસાઓની સમીક્ષા કરી હતી.

પાદરાના રામદ્વારા મંદિરે નરસિંહ મહેતા ચરિત્ર કથાની ભવ્ય પૂર્ણાહુતિ

(પ્રતિનિધિ) પાદરા, તા. 27

રામસ્નેહી સંપ્રદાયના પાદરા ગાંધીચોક ખાતે આવેલા રામદ્વારા મંદિર ખાતે પવિત્ર શ્રાવણ માસ નિમિત્તે આયોજિત શ્રી નરસિંહ મહેતા ચરિત્ર કથાની મંગળવારે ભવ્ય પૂર્ણાહુતિ યોજાઈ હતી. છેલ્લા ૧૧ દિવસથી ચાલી રહેલી આ કથાનું રસપાન રામસ્નેહી સંપ્રદાયના સંત શ્રી રામપ્રસાદજી મહારાજના શિષ્ય સંત શ્રી જ્ઞાની રામજી મહારાજ (છોટે રામજી) દ્વારા કરાવવામાં આવ્યું હતું. કથા દરમિયાન નરસિંહ મહેતાના જીવનચરિત્ર અને ભક્તિપ્રસંગોનું સુંદર વર્ણન કરવામાં આવ્યું હતું. તેમજ વિવિધ ધાર્મિક મહોત્સવોનું આયોજન કરવામાં આવતા મોટી સંખ્યામાં શ્રદ્ધાળુ ભક્તોએ ઉપસ્થિત રહી કથાનું રસપાન કર્યું હતું. મંગળવારે કથાની પૂર્ણાહુતિ પ્રસંગે મહાઆરતીનું આયોજન કરવામાં આવ્યું હતું. કથા સંપન્ન થતાં રામસ્નેહી સદગુરુ પરિવાર સેવા સમિતિ દ્વારા શ્રી રામપ્રસાદજી મહારાજ તેમજ કથાનું રસપાન કરાવનાર સંત શ્રી જ્ઞાની રામજી મહારાજ (છોટે રામજી)નું સન્માન કરવામાં આવ્યું હતું.

સંખેડા કોલેજમાં ઉદ્યોગ સાહસિક સમિતિના ઉપક્રમે રાખી મેકિંગ સ્પર્ધા યોજાઈ

(પ્રતિનિધિ) સંખેડા, તા. 27

કાપડિયા આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, સંખેડા કોલેજના ઉદ્યોગ સાહસિક સમિતિ ના ઉપક્રમે વિદ્યાર્થીઓ માટે રાખી મેકિંગ સ્પર્ધાનું આયોજન તા.27/08/2026 ના રોજ કરવામાં આવેલ હતું. કાર્યકર્મના આરંભે આચાર્યશ્રીએ પ્રસંગ અનુરૂપ ઉદબોધન કર્યું હતું. આ રાખી મેકિંગ સ્પર્ધાનું આયોજન ઉદ્યોગ સાહસિક સમિતિના કન્વીનર પ્રા. ડૉ.કવિતા જોશીએ કર્યું હતું. આ સ્પર્ધામાં કોલેજના કુલ-08 જેટલા વિદ્યાર્થીઓએ સહર્ષ ભાગ લીધો હતો. અને નિર્ણાયક કમિટીના અંતર્ગત ડૉ. રાકેશભાઈ વણકરસાધુ તથા ડૉ. સાધના ટાંક દ્વારા સ્પર્ધાનું સફલ નિર્ણય કરવામાં આવ્યું હતું અને અંતમાં ડૉ.પ્રિયકાન્ત શ્રીમાલી દ્વારા આભારવિધિ કરવામાં આવી હતી અને સમગ્ર સ્ટાફે હાજરી આપી કાર્યક્રમ ને સફલ બનાવ્યું.

'સચિન પંડિત એનિમલ રેસ્ક્યુ ટીમ'ને નિ:સ્વાર્થ સેવા બદલ પ્રશંસાપત્ર

વન મહોત્સવમાં બહાદરપુરની રેસ્ક્યુ ટીમનું સન્માન

(પ્રતિનિધિ) સંખેડા, તા. 27

જવાહર નવોદય વિદ્યાલય, બહાદરપુર ખાતે યોજાયેલા વન મહોત્સવ કાર્યક્રમમાં સચિન પંડિત એનિમલ રેસ્ક્યુ ટીમ, બહાદરપુર ને 15 વર્ષથી વન્યજીવ સંરક્ષણ અને જીવદયા ક્ષેત્રે કરેલી સતત સેવા બદલ સન્માનિત કરવામાં આવી હતી.

આ પ્રસંગે છોટાઉદેપુર જિલ્લા કલેક્ટર શ્રીમતી ગાર્ગી જૈન, સાંસદ, ધારાસભ્ય, ACF, RFO, વન વિભાગના અધિકારીઓ, જિલ્લા-તાલુકા પંચાયતના પ્રતિનિધિઓ, બહાદરપુરના સરપંચ, આગેવાનો અને મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા. મહાનુભાવોના હસ્તે ટીમને પ્રશંસાપત્ર એનાયત કરાયું હતું.

સચિન પંડિત, સંજયભાઈ, લાલાભાઈ, સુનિલભાઈ પટેલ સહિતની ટીમ છેલ્લા 15 વર્ષથી ઉનાળો-ચોમાસુ કે રાતના 12 વાગ્યા હોય, કોઈ પણ પરિસ્થિતિમાં રેસ્ક્યુ માટે પહોંચી જાય છે. વન વિભાગના સહયોગથી સાપ, કોબ્રા, અજગર, મગર, ઘો, દીપડો, જરખ, મોર, ઘાયલ પક્ષીઓ, ચામા ચીડિયા સહિત સેંકડો જીવોને સુરક્ષિત રેસ્ક્યુ કરી કુદરતી વાતાવરણમાં મુક્ત કર્યા છે. કૂવામાં પડેલા પ્રાણી, ઘર-વાહનમાં ફસાયેલા સાપ અને ઉશ્કેરાયેલા આખલા-સાંઢને પણ ટીમ કાબુમાં લે છે. ટીમ ગામો-શાળાઓમાં "સાપને મારવો નહીં, નિષ્ણાતની મદદ લો" નો સંદેશ આપી જનજાગૃતિ પણ ફેલાવે છે.

રાણીપુરામાં મનરેગા કૌભાંડના આક્ષેપોથી તંત્રમાં દોડધામ

૩૦૦થી વધુ જોબકાર્ડ બનાવી રૂ. ૪ કરોડની ઉચાપતનો આક્ષેપ

(પ્રતિનિધિ) સાવલી, તા.27

સાવલી તાલુકાના રાણીપુરા ગામે મનરેગા યોજનામાં બોગસ જોબ કાર્ડ બનાવીને આશરે ચાર કરોડની ઉચાપત કરવાના મામલામાં મીડિયા માં અહેવાલ પ્રકાશિત થતા તંત્ર હરકતમાં આવ્યું છે અને જવાબદાર અધિકારી ઓ રજા પર ઉતરી ગયા છે.

સાવલી તાલુકાના રાણીપુરા ગામે મનરેગા યોજનામાં બોગસ જોબકાર્ડ બનાવી આશરે રૂ.4 કરોડની ઉચાપત થયાના ગ્રામજનોએ આક્ષેપો કર્યા છે. 300થી વધુ બોગસ જોબકાર્ડ બનાવી જોબકાર્ડ દીઠ રૂ.18થી 20 હજાર છેલ્લા સાત વર્ષથી ઉપાડવામાં આવ્યા હોવાનો દાવો છે. સરકારી રેકોર્ડમાં કામ દર્શાવવા પાવડો-ત્રિકમ સાથેના ફોટા પડાવવા રૂ.100 ચૂકવવામાં આવ્યા હોવાનો પણ આક્ષેપ છે.

મીડિયામાં અહેવાલ પ્રકાશિત થયા બાદ તાલુકા વિકાસ અધિકારી હરકતમાં આવ્યા હતા અને સમગ્ર મામલે તપાસના આદેશ આપ્યા છે. તપાસ બાદ જિલ્લા કક્ષાએ રિપોર્ટ મોકલી ગેરરીતિ જણાશે તો જવાબદારો સામે કાર્યવાહી કરવાની ખાતરી આપી છે. દરમિયાન મનરેગા વિભાગના અધિકારીઓ રજા પર ઉતરી ગયા હોવાની ચર્ચા છે.

મનરેગા કામદાર જશવંતસિંહ રાઠોડે જણાવ્યું કે તેમના ખાતામાં રૂ.30 હજાર જમા થયા હતા, પરંતુ તેમને માત્ર રૂ.3 હજાર મળ્યા અને બાકીની રકમ સરપંચને આપી હતી. કિરણસિંહ ગોહિલે પોતાના નામે બીજા વ્યક્તિનો ફોટો લગાવી જોબકાર્ડ બનાવી રૂ.51 હજાર ઉપાડી લેવાયા હોવાનો આક્ષેપ કર્યો છે.

ખત્રી વિદ્યાલયની દીકરીઓનો રોગ નિદાન માટે ચેકઅપ

વાલીઓએ શાળાના આરોગ્યલક્ષી અભિગમને વધાવી શિક્ષિકાનો આભાર માન્યો

(પ્રતિનિધિ) બોડેલી, તા. 27

આજરોજ ખત્રી વિદ્યાલયની દીકરીઓને સિંકલ સેલ, થેલેસેમીયા અને અનિયમિત માસિકધર્મ માટે શાળાના ઉત્સાહી શિક્ષિકા બેન શ્રીમતી એસ.આઈ તૂરાબ દ્વારા સરકારી દવાખાનાની મુલાકાત કરાવી. કેટલીક દીકરીઓ શાળામાં અનિયમિત આવતી હતી. તેમની સમસ્યાઓ જાણી તેમને પીડાતી સમસ્યાઓને દૂર કરવા સીમાબેન દ્વારા પ્રયત્નો કરવામાં આવ્યા.

દવાખાનામાં HOD દ્વારા ઝીણવટ ભરી તપાસ કરી પીડિત દીકરીઓને સિંકલ સેલ કાર્ડ અને દર માસ ની ગોળીઓ આપવામાં આવી. અને અન્ય દીકરીઓને પણ તમામ સમસ્યાઓનું સમાધાન કરવામાં આવ્યું. શાળાએ અનિયમિત આવતી વિદ્યાર્થીઓ ની સમસ્યાઓ ને નિવારી તેઓને શાળાએ નિયમિત કરવા માટે નો આ એક નવતર પ્રયોગ કરી તેમાં સફળતા મેળવી. વાલીગણ દ્વારા શાળાના આ પગલાં ને વધાવી સીમાબેન નો વાલીઓ દ્વારા આભાર માનવામાં આવ્યો.

ઉચાપાન PHCની આરોગ્ય ટીમની સરાહનીય કામગીરી

૨૪ કલાકમાં ૬ સફળ નોર્મલ ડિલિવરી, તમામ માતા-શિશુ સ્વસ્થ

(પ્રતિનિધિ) બોડેલી , તા.27

બોડેલી તાલુકાના પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, ઉચાપાન ખાતે છેલ્લા ૨૪ કલાકમાં કુલ ૬ સફળ નોર્મલ ડિલિવરી કરવામાં આવી છે. આ સિદ્ધિ પી.એચ.સી. ઉચાપાનની સમગ્ર આરોગ્ય ટીમ માટે ગૌરવપૂર્ણ બાબત બની છે. આ છ પ્રસૂતિમાં કોઈપણ માતાને Episiotomy (કાપ) કે ટાંકા કરવાની જરૂર પડી નહોતી તેમજ પ્રસૂતિ દરમિયાન કોઈપણ માતાને Tear પણ થયો નહોતો. હાલમાં તમામ માતાઓ તથા તેમના નવજાત શિશુઓ સંપૂર્ણપણે સ્વસ્થ અને તંદુરસ્ત છે.

આ છ સફળ પ્રસૂતિમાંથી એક પ્રસૂતિ અગાઉ એક વખત Caesarean Section થયેલી માતાની Vaginal Birth After Caesarean (VBAC) હતી. યોગ્ય કેસ પસંદગી, સતત દેખરેખ અને કુશળ પ્રસૂતિ વ્યવસ્થાપનના પરિણામે આ પ્રસૂતિ પણ સફળતાપૂર્વક નોર્મલ રીતે પૂર્ણ કરવામાં આવી. યોગ્ય માર્ગદર્શન અને સઘન તબીબી દેખરેખ હેઠળ પસંદગીના યોગ્ય VBAC કેસમાં નોર્મલ પ્રસૂતિ શક્ય બની શકે છે, તેનું આ ઉત્તમ ઉદાહરણ છે.

આ સફળતા પાછળ ડૉ. નિતિન રાઠવા, ડૉ. હેતલબેન રાઠવા, સ્ટાફ નર્સ દીપાલિબેન રાઠવા, હેમલતાબેન રાઠવા, આયાબેન લક્ષ્મીબેન હરિજન અને ગંગાબેન તડવી સહિત પી.એચ.સી. ઉચાપાનની સમગ્ર ટીમની મહેનત અને સમર્પણ રહેલું છે. આ ઉપરાંત CHO, FHW, MPHW તથા ખાસ કરીને ASHA બહેનો દ્વારા ગર્ભવતી માતાઓને સમયસર માર્ગદર્શન, ANC ફોલોઅપ, પ્રસૂતિની તૈયારી અને યોગ્ય સમયે આરોગ્ય કેન્દ્ર સુધી પહોંચાડવામાં આપવામાં આવેલા સહયોગનો પણ મહત્વપૂર્ણ ફાળો રહ્યો છે.

ગુજરાતમાં પ્રથમ બોડેલી બાર એસોસિએશન વાઈ-ફાઈથી સજ્જ

શ્રાવણ માસ નિમિત્તે ધાર્મિક અને સન્માન સમારોહ યોજાયો

(પ્રતિનિધિ) બોડેલી, તા. 27

પવિત્ર શ્રાવણ માસ નિમિત્તે બોડેલી બાર એસોસિએશન દ્વારા ધાર્મિક, સામાજિક અને સંગઠનાત્મક એકતાનો સંદેશ આપતો ત્રિવેણી સંગમ સમો કાર્યક્રમ તા. ૨૭ ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ બોડેલી કોર્ટ ખાતે યોજવામાં આવ્યો છે. કાર્યક્રમમાં ધાર્મિક આસ્થા સાથે ન્યાયતંત્રના અધિકારીઓના સ્વાગત-સન્માન તેમજ બાર માટેની નવી સુવિધાના લોકાર્પણનો સુંદર સમન્વય જોવા મળશે.

કાર્યક્રમની શરૂઆત બપોરે ૧૨:૩૦ કલાકે ભગવાન શ્રી સત્યનારાયણની પાવન કથાથી થશે. શ્રાવણ માસના પવિત્ર અવસરે યોજાનારી આ કથામાં બાર એસોસિએશનના સિનિયર અને જુનિયર વકીલો સહિત મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેવાની અપેક્ષા છે. બપોરે ૨:૦૫ કલાકે બોડેલી કોર્ટના નવનિયુક્ત ફેમિલી જજ તિવારી સાહેબનું હાર્દિક સ્વાગત અને અભિવાદન કરવામાં આવશે. સાથે જ માનનીય શ્રી યુ.ડી. જાંબુ સાહેબને "એસ.ડી." તરીકે બઢતી પ્રાપ્ત થવા બદલ સન્માન કરી અભિનંદન પાઠવવામાં આવશે. આ પ્રસંગે બોડેલી બાર એસોસિએશનના સહયોગથી વકીલ મંડળમાં શરૂ કરવામાં આવનાર વાઈ-ફાઈ સુવિધાનું લોકાર્પણ પણ કરવામાં આવશે.

ડમ્પર ચલાવવાના શોખને લઈ ઠપકો, યુવક ઘરેથી નીકળ્યો

૨૫ તારીખે ગુમ થયેલા અજબપુરાના યુવકનો કરડ નદી માંથી મૃતદેહ મળ્યો

(પ્રતિનિધિ) સાવલી, તા.27

સાવલી તાલુકાના સાગાના મુવાડા ગામે કરડ નદીમાં આવેલી પથ્થરની માઈન્સ ના પાણીમાંથી ૨૦ વર્ષીય યુવકનો મૃતદેહ મળી આવતા ચકચાર મચી ગઈ હતી. મૃતક યુવકની ઓળખ અજબપુરા ગામના અરવિંદ વનરાજસિંહ પરમાર તરીકે થઈ હતી. ઘટનાને પગલે ડેસર પોલીસે અકસ્માતે મોત નો ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર અજબપુરા ગામના નિશાળવાળા ફળિયામાં રહેતા વનરાજસિંહ પરમાર ટ્રાન્સપોર્ટનો વ્યવસાય કરે છે અને તેમની પાસે ત્રણ ડમ્પર હોવાનું જાણવા મળ્યું હતું. તેમનો ૨૦ વર્ષીય પુત્ર અરવિંદને ડમ્પર ટ્રક ચલાવવાનો શોખ હતો. તા.૨૫ ઓગસ્ટના રોજ અરવિંદે ડમ્પર શીખવા તથા ગાડી પર જવાની ઈચ્છા વ્યક્ત કરતાં પિતાએ તેને ડમ્પર ચલાવવાની તાલીમ ન હોવાને કારણે ગાડી પર ન જવા ઠપકો આપ્યો હતો.

પિતાના જણાવ્યા મુજબ આ બનાવ બાદ તા.૨૫ ઓગસ્ટના આશરે રાત્રે ૧૧:૩૦ વાગ્યે અરવિંદ ઘરેથી બહાર ગયો હતો. ત્યારબાદ તે પરત ન આવતા પરિવારજનોએ તેના મોબાઈલ પર વારંવાર સંપર્ક કરવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ મોબાઈલ સ્વીચ ઓફ આવતો હતો. પરિવારજનોએ ગામ તથા આસપાસના વિસ્તારોમાં શોધખોળ કરી હતી, છતાં અરવિંદનો કોઈ પત્તો મળ્યો નહોતો.

અંતે તા.૨૬ ઓગસ્ટના રોજ પરિવારજનોએ ડેસર પોલીસ સ્ટેશનમાં ગુમ થયાની જાણવા જોગ ફરીયાદ નોંધાવી હતી દરમિયાન તા.૨૭ ઓગસ્ટની વહેલી સવારે અરવિંદના કુટુંબી ભાઈઓ યુવકની શોધખોળ કરી રહ્યા હતા. તે સમયે સાગાના મુવાડા ગામ નજીક થી કરડ નદીમાં આવેલી પથ્થરની માઈન્સના પાણીમાં અરવિંદનો મૃતદેહ પાણીમાં તરતો જોવા મળ્યો હતો પરિવારજનોને જાણ કરવામાં આવતા તેઓ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યા હતા.

વડોદરામાં ૭૭મા 'વન મહોત્સવ'ની ભવ્ય ઉજવણી

(પ્રતિનિધિ) વડોદરા, તા. 27

ગુજરાત સરકારના 77મા રાજ્યકક્ષાના વન મહોત્સવ અંતર્ગત વડોદરા મહાનગરપાલિકા દ્વારા આજવા રોડ સ્થિત પંડિત દીનદયાલ ઉપાધ્યાય નગરગૃહ ખાતે ભવ્ય વન મહોત્સવ ઉજવવામાં આવ્યો હતો. "પ્રકૃતિનું સંરક્ષણ અને આવતી પેઢીનું રક્ષણ" ના સંકલ્પ સાથે યોજાયેલા આ કાર્યક્રમમાં શહેરના નાગરિકો અને વિદ્યાર્થીઓએ ભારે ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ કાર્યક્રમમાં ગુજરાત વિધાનસભાના મુખ્ય દંડક તથા રાવપુરાના ધારાસભ્ય બાલકૃષ્ણ શુક્લ, વડોદરાના સાંસદ ડૉ. હેમાંગ જોશી, મ્યુનિસિપલ કમિશનર અરુણ મહેશ બાબુ, ડેપ્યુટી મેયર આદિત્યભાઈ પટેલ તેમજ નાયબ વન સંરક્ષક મહેન્દ્રસિંહ રાઠવા સહિતના અનેક અગ્રણીઓ વિશેષરૂપે ઉપસ્થિત રહ્યા હતા.

સહાય માટે ૩૦ ઓગસ્ટ સુધી ગ્રામસેવકને વિગતો આપવા અપીલ

સમયમર્યાદામાં જાણ નહીં કરાય તો નિયમ મુજબ અરજી ફાઈલ કરવાની કાર્યવાહી થશે

(પ્રતિનિધિ) કરજણ, તા. 27

ગુજરાત સરકાર દ્વારા વર્ષ 2026-27 માટે કપાસ પાકમાં ટૂંકા અંતરે વાવેતર કરતા ખેડૂતોને સહાય આપવા કપાસ ક્રાંતિ યોજના અમલમાં મુકવામાં આવી છે. આઈ-ખેડૂત પોર્ટલ 2.0 મારફત ક્લોઝ સ્પેસીંગ ટેકનોલોજી (CST) અને ઈન્ટિગ્રેટેડ ક્રોપ મેનેજમેન્ટ (ICM) એમ બે ઘટક હેઠળ ખેડૂતો પાસેથી ઓનલાઈન અરજીઓ મંગાવવામાં આવી હતી. મળેલી અરજીઓના આધારે ઓનલાઈન ડ્રો પણ કરવામાં આવ્યો છે.

સરકારી ધોરણ મુજબ CST માટે 3 ફૂટના બે હાર વચ્ચે 1 ફૂટ અને છોડ વચ્ચે 1 ફૂટનું અંતર રાખી વાવેતર કરવું જરૂરી છે. જ્યારે ICM માટે બે હાર વચ્ચે 3 ફૂટ અને છોડ વચ્ચે 2 ફૂટનું અંતર જરૂરી છે. ઉપરાંત યોજનામાં નિયત કરાયેલા બિયારણની જાતનું વાવેતર કરનાર ખેડૂતોને જ પાત્રતા મળશે.

કરજણ તાલુકાના ઓનલાઈન અરજદાર ખેડૂતોએ 30 ઓગસ્ટ, 2026ના સાંજે 5 વાગ્યા સુધી પોતાના ગામના ગ્રામસેવક (ખેતી)ને ટેલિફોનિક અથવા રૂબરૂ પોતાની વિગતો આપવાની રહેશે. સમયમર્યાદામાં રજૂઆત નહીં થાય તો નિયમ મુજબ વાવેતર ન કર્યું હોવાનું માની અરજી ફાઈલ કરવામાં આવશે. વધુ માહિતી માટે ગ્રામસેવક (ખેતી)નો સંપર્ક કરવા જણાવાયું છે.